**સચિવાલયના વિભાગોમાં મુખ્ય તકેદારી અધિકારીની નિમણૂંક ગુજરાત તકેદારી આયોગના પરામર્શ વિના કરવા બાબત.**

**ગુજરાત સરકાર,**

**ગૃહ વિભાગ**

ઠરાવ ક્રમાંક: ગતપ-૩૨૦૦૦-૨૦૪૩-હ,

સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર, તા.૭-૫-૨૦૦૧

વંચાણમાં લીધો :- (૧) ગૃહ વિભાગનો ઠરાવ નં. એબીસી-૧૦૮૧-૧૫૧૬-હ તા.૭-૮-૭૪

(૨) ગૃહ વિભાગનો ઠરાવ નં. એસવીસી-૩૧૮૬-૨૯૯૫-હ, તા.૧૬-૭-૮૮.

**ઠરાવ**

સરકારના ગૃહ વિભાગના તા.૭-૮-૭૪ના સંદર્ભમાં ઠરાવથી તકેદારી કેસોમાં ઉદભવેલ ખાતાકીય તપાસના કેસોમાં વિલંબ ટાળવા અને તે ઉપર દેખરેખ રાખવા સચિવાલયના વિભાગોમાં મુખ્ય તકેદારી અધિકારી અને ખાતાના વડાઓની કચેરીઓમાં તકેદારી અધિકારીઓની નિમણૂંકો કરવા સૂચના આપવામાં આવેલ છે. આવી નિમણૂંકો કરવા સંબંધે ગૃહ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ તા.૧૬-૭-૮૮ના ઠરાવથી મુખ્ય તકેદારી અધિકારીની નિમણૂંક તકેદારી આયોગના પૂર્વ પરામર્શ બાદ કરવા તથા જે અધિકારીની મુખ્ય તકેદારી અધિકારી તરીકે નિમણૂંક કરવાની હોય તેમના નામ અને ખાનગી અહેવાલો તકેદારી આયોગને રજુ કરવામાં જણાવવામાં આવેલ છે. આ પ્રકારની જોગવાઇના કારણે, સચિવાલયના વિભાગોમાં મુખ્ય તકેદારી અધિકારી તરીકે નિમણૂંક થયેલા અધિકારીની બઢતી, બદલી કે નિવૃત્તિના સમયે, તેમની જગ્યાએ અન્ય અધિકારીની નિમણૂંક તુરત થઇ શકતી નથી. વળી, વિભાગમાં મુખ્ય તકેદારી અધિકારીની નિમણૂંક સમયસર ન થાય તે કારણસર તકેદારી કેસોનું મોનીટરીંગ થઇ શકે નહિ તેવી પરિસ્થિતિ ઉદભવે છે.

૨. ઉપર્યુકત વિગતો ધ્યાનમાં લેતાં, ગુજરાત તકેદારી આયોગના પરામર્શમાં, સરકાર પુખ્ત વિચારણાને અંતે એવું ઠરાવે કે સચિવાલયના વિભાગોમાં મુખ્ય તકેદારી અધિકારીની જગ્યા ખાલી પડતાં વિભાગના વડા મુખ્ય તકેદારી અધિકારીની નિયુક્તિ પ્રથમ કરે અને ત્યારબાદ તેમનું નામ તકેદારી આયોગને જણાવવાનું રહેશે અને સંબંધિત અધિકારીના ખાનગી અહેવાલ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તકેદારી આયોગને મોકલવાના રહેશે. તકેદારી આયોગ, મુખ્ય તકેદારી અધિકારીની નિમણૂંકને સમર્થન આપે અથવા પોતાનો અભિપ્રાય જણાવે તે મુજબ મુખ્ય તકેદારી અધિકારીની સંબંધિત વિભાગે નિમણૂંક કરવાની રહેશે. વિભાગમાં નિમાયેલ 'મુખ્ય તકેદારી અધિકારી'ની જગ્યા બઢતી, બદલી અથવા તો અન્ય કારણસર ખાલી પડે તો વિભાગના વહીવટી વડાએ 'મુખ્ય તકેદારી અધિકારી' તરીકે અન્ય અધિકારીઓને નિયુક્ત કરવાની કાર્યવાહી તુર્તજ હાથ ધરવાની રહેશે. સંદર્ભમાં દર્શાવેલ ગૃહ વિભાગના તા.૧૬-૭-૮૮ના ઠરાવમાં કરવામાં આવેલ અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ઉપરોકત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા સચિવાલયના સર્વે વિભાગોને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**સુરેશ રાવલ**

સેકશન અધિકારી,

ગૃહ વિભાગ,